" દિવ્યાંગ મિત્ર " યોજના બાબત.

રૂ.૩૦૫.૨૫ લાખ.

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સુધારા ઠરાવ ક્રમાંક – અપગ/૧૦૨૦૧૬/૩૭૧૭૩/ન.બા.-૧૦/છ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા. ૯/૫/૨૦૧૬.

**વંચાણે લીધા :-**

(૧) આ વિભાગનો તા.૧૮/૪/૨૦૧૬નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, સ.સુ.ની કચેરીનો તા.૩૦/૪/૨૦૧૬નો પત્ર ક.- સસુખા/યજન/ન.બા./૧૬-૧૭/

**સુધારા ઠરાવ :-**

અત્રેના તા.૧૮/૪/૨૦૧૬ના ઠરાવ ક.- અપગ/૧૦૨૦૧૬/૩૭૧૭૩/ન.બા.-૧૦/છ-૧ થી નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માટે " દિવ્યાંગ મિત્ર " યોજનાની નવી બાબત મંજૂર થયેલ છે. પરંતુ ઉપરોકત સંદર્ભિત ઠરાવથી દિવ્યાંગ મિત્ર / સંસ્થાને કેટલું મહેનતાણૂં ચુકવવાનું થાય તે વિગતનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આથી આ અંગે સ્પષ્ટતા કરવી જરૂરી જણાતાં, આથી, નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ લાભાર્થીદીઠ મહેનતાણું ચૂકવવાનું ઠરાવવામાં આવે છે :-

| ક્રમ | યોજના | અંદાજિત લાભાર્થી | લાભાર્થીદીઠ મહેનતાણું | ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભારત સરકાર / રાજ્ય સરકારની વૃધ્ધ પેન્શન યોજના | ૧,૫૦,૦૦૦ | ૧૦૦ | ૧,૫૦,૦૦,૦૦૦ |
| ૨ | ભારત સરકાર / રાજ્ય સરકારની વિકલાંગ પેન્શન યોજના | ૧,૫૦,૦૦૦ | ૧૦૦ | ૧,૫૦,૦૦,૦૦૦ |
| ૩ | વિકલાંગ શિષ્યવૃત્તિ / સાધન સહાય યોજના | ૫,૦૦૦ | ૧૦૦ | ૫,૦૦,૦૦૦ |
| ૪ | કેદી સહાય યોજના | ૨૦૦ | ૧૦૦ | ૨૦,૦૦૦ |
| ૫ | વિકલાંગ વિધવા મકાન સહાય | ૫૦ | ૧૦૦ | ૫,૦૦૦ |
| | સરવાળો | ૩,૦૫,૨૫૦ | | ૩,૦૫,૨૫૦૦૦ |

ઉપર વંચાણે લીધેલા ક્રમ – (૧) સામેના સરખા ક્રમાંકના ઠરાવની અન્ય તમામ શરતો / જોગવાઈઓ યથાવત રહેશે.

આ નવી બાબતની વહીવટી મંજૂરી આપતી તા.૧/૪/૨૦૧૬ અંતિત નોંધમાં નાણા વિભાગે ઉપર મુજબ મંજૂરી આપેલ છે પરંતુ ઉપર વંચાણે લીધેલા ક્રમ – (૧) સામેના સરખા ક્રમાંકના ઠરાવમાં તે દર્શાવવાનું રહી ગયેલ હોઈ, આ સુધારા ઠરાવ બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ.એલ.ભગોરા )
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

(૩) અ.મુ. સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૫) વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક નં.-૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.

(૭) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.

(૮) નાણા સલાહકારશ્રી, (સા.ન્યા. અને અધિ.વિભાગ,) બ્લોક નં.-૧૪, બીજો માળ, સચિવાલય, ગાંધીનગર.

(૯) સેકશન અધિકારીશ્રી, બજેટ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય,

(૧૦) સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટરસેલ / શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિ., ગાંધીનગર... વિભાગની વેબ સાઈટમાં છ-૧/શાખાના હુકમોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.

(૧૧) સીલેક્ટ ફાઈલ, છ-૧ / શાખા.

—— X ——